**<u>અમદાવાદના મહે. એડિ.ચીફ મેટ્રો. મેજી.સાહેબની કોર્ટ નં. ૨૦ સમક્ષ, અમદાવાદ</u>**
**ફોજદારી કેસ નંબર : <u>૬૬૬/૨૦૧૩</u>**

**ફરિયાદીઃ** શ્રી સરકાર

**વિરૂઘ્ધ**

**આરોપીઃ** પન્નાલાલ ભુરાજી પ્રજાપતિ ઉ.વ.૪૦
રહેઃ– ચારભુજા ચવાણાવાળા, ઓઢવ છેલ્લા
બસ સ્ટેન્ડ પાસે, ઓઢવ, અમદાવાદ

**ગુનોઃ ઈ.પી.કો.કલમ–૩૭૪ તથા જુએનાઈલ જસ્ટિસ એકટ કલમ–૨૦૦૦ની કલમ–૨૬ મુજબ**

---

**(૧)** આ કામનાં આરોપી સામે ઈ.પી.કો.કલમ–૩૭૪ તથા જુવેનાઈલ જસ્ટિસ એકટ કલમ–૨૦૦૦ની કલમ–૨૬ મુજબના ગુનાનો આરોપ છે. તે આરોપીએ સ્વૈચ્છાએ ગુનાની કબુલાત કરેલી છે. તેઓની રજુઆત છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે, પોતે ગરીબ અને મજુર વર્ગના માણસ છે અને આર્થિક પરિસ્થિતિ સારી નથી. ગુના બદલ તેઓ પસ્તાવો વ્યકત કરે છે અને કુટુંબની તમામ જવાબદારી તેમના ઉપર હોઈ, કોર્ટ સમક્ષ દયાની માંગણી કરીને ફરીથી આવો ગુનો નહીં કરવાનું જણાવેલ છે. અત્રેની અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતા તેમજ કબુલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં, આરોપીએ તેના નિવેદનમાં સ્વૈચ્છાપૂર્વક ગુનો કબુલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો હોઈ અને પોતે ભવિષ્યમાં ગુનો નહિં કરે તેની ખાત્રી આપી, રહેમ કરવા રજુઆત કરેલ છે.

(૨) આરોપીએ દયાની માંગણી કરેલ હોઈ, આરોપીની રજુઆત તથા કબુલાત અને કેસના સંજોગોને ઘ્યાને લેતાં તેમજ ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૫(૧)જીએલઆર ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત –વિરૂઘ્ધ– નટવર હરીશચંદ્રજી ઠાકોર ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંતને લક્ષમાં રાખતા, જો પુરતા અને વ્યાજબી કારણો હોય, તો દરેક કેસની હકીકતને ઘ્યાને લઈ, નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આ ચુકાદાના સિઘ્ધાંતને તથા આરોપીના સંજોગોને ઘ્યાને

લેતા આરોપીને હળવી તથા ઓછી સજા કરવા માટેના વિશિષ્ટ કારણો જણાતા હોઈ, આરોપી ઉપર દયા બતાવી, સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાઈ તેમ હોઈ, ન્યાયના હીતમા નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

## :: હુ ક મ ::

૧. આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ : ૨૫૨ અન્વયે ઈ.પી.કો.કલમ–૩૭૪ તથા જુવેનાઈલ જસ્ટિસ એકટ કલમ–૨૦૦૦ની કલમ–૨૬ મુજબ અન્વયેના ગુના માટે તકસીરવાર ઠરાવી ઈ.પી.કો.કલમ–૩૭૪ ના ગુના માટે રૂા. ૧,૦૦૦/– તથા જુવેનાઈલ જસ્ટિસ એકટ કલમ–૨૦૦૦ની કલમ–૨૬ના ગુના માટે રૂા.૧૦,૦૦૦/– એમ કુલ મળી રૂા. ૧૧,૦૦૦/– (અંકે રૂપિયા અગિયાર હજાર પુરા) દંડનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–૧૫(પંદર)ની સાદી કેદની સજાનો હુકમ કરવામાંઆવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૨/૧૧/૨૦૨૨ના રોજ સ્પેશિયલ સીટીગમાં જાહેર કર્યો.

તારીખઃ– ૧૨/૧૧/૨૦૨૨
અમદાવાદ

**(કુ.સ્મિતાબહેન પ્રકાશચંદ્ર પટેલ)**
**GJ01123**
એડિશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નંબર ૨૦, અમદાવાદ